‘જય શ્રી રામ’ અને ‘ભારત માતા કી જય’ના જય ઘોષ

છોટાઉદેપુર ખાતે એકતા અને સમરસતા માટે કાશી વિશ્વનાથ વિરાટ હિન્દુ સંમેલન યોજાયુ

પોતાના ધર્મ વિશે બાળકોને શિક્ષા આપવા અપીલ કરવામાં આવી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.28

ભારતભર માં હિન્દુ સમાજની એકતા માટે, સમાજમાં સમરસતાના ભાવ જાગે એ હેતુથી હિન્દુ સમેલન થઈ રહ્યા છે. તેજ રીતે આજરોજ છોટાઉદેપુર નગરના ગુરુકૃપા વિસ્તાર માં વિરાટ હિન્દુ સંમેલન યોજાયુ હતું. હિન્દુ સમેલનમાં વિવિધ હિન્દુ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સાંજે 5:00 કલાકે શ્રી સિધ્ધિ વિનાયક મંદિર થી કળશ યાત્રા નીકળી ગુરૂ કૃપા સોસાયટી ગરબા ચોક ખાતે પહોંચી હતી જયાં મોટી સંખ્યામાં હિન્દુ સમાજજનો એકત્ર થયા હતા જય શ્રી રામ અને ભારત માતા કી જય ના જય ઘોષ સાથે દીપ પ્રાગટ્ય કરી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ની પ્રવૃતિઓ વિશે માહિતી આપી સ્વદેશી માટે હાકલ કરી ભારતની જુની ગુરુકુળ ની પરંપરા ઘર ઘરમાં સ્થાપીત કરવા, પોતાના ધર્મ વિશે બાળકોને શિક્ષા આપવા અપીલ કરવામાં આવી જેથી આપણા બાળકો આપણી સંસ્કૃતિ ને જાણી શકે, આપણા વીર સપૂતો વિષે જાણવા તેમજ આપણી વૈદિક પદ્ધતિ મુજબ શિક્ષણ આપવા હાકલ કરી હતી. આ વિરાટ હિન્દુ સંમેલન માં મુખ્ય વક્તા શ્રી મહેશભાઈજી સુથાર, જિલ્લા પ્રચારકજી ,સાથી વક્તા બ્રહ્મ કુમારીઝ મોનિકાદીદી, મહંતજી શ્યામદાસજી (જાગનાથ મહાદેવ મંદિર), મહંત શ્રી યોતિન્દ્રદાસજી (ગોરા રામજીમંદિર), પૂર્વ ધારાસભ્ય પ્રોફેસર શંકરભાઈ રાઠવા , નગર પાલિકા પ્રમુખ મંજુલાબેન કોલી તેમજ વિવિધ વિવિધ મંદિરો ના પૂજારીઓ , તમામ ધાર્મિક સંગઠન પંથ ,સંપ્રદાય ના આગેવાનો ,વડીલો ભાઈઓ,બહેનો મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

લીમખેડામાં ખરીદી કરવાને બહાને બે ગઠિયા 2200 ચોરી ગયા

(પ્રતિનિધિ) દાહોદ તા.28

ગત તારીખ ૨૪-૨-૨૦૨૬ ના રોજ બપોરના દોઢેક વાગ્યાના સુમારે બે અજાણ્યા ગઠિયાઓ ખરીદી કરવાના બહાને લીમખેડા મેન બજારમાં હુજેફા મોહમ્મદહુસેન બોરીવાલા (વ્હોરા) ની દુકાને આવ્યા હતા.એક ગઠિયો દુકાનની બહાર ઊભો રહ્યો હતો, અને તેની સાથેનો ગઠીયો દુકાનદાર હુજેફા બોરીવાલાની નજર ચૂકવી દુકાનની અંદરના રૂમમાં ઘૂસી ગયો હતો. અને અંદરની રૂમમાં મુકેલ કબાટ ખોલી કબાટમાં મુકેલ રૂપિયા ૨૨૦૦૦/-ની રોકડ ચોરી લઈ ભાગી ગયો હતો. અનેભાગતા દરમિયાન તેનો મોબાઈલ દુકાનમાંજ પડી જતા મોબાઈલ મૂકી બંને ગઠીયાઓ ફરાર થઈ ગયા હતા. આ સંબંધે દુકાનદાર હુજેફા મોહમ્મદહુસેન બોરીવાલાએ લીમખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી પોતાની દુકાનમાં ગઠિયાઓ જે મોબાઈલ ફોન મૂકીને ભાગી ગયા હતા તે મોબાઈલ ફોન પણ પોલીસને સુપરત કર્યો હતો.

મહિલાઓમાં થતા ગર્ભાશયના મુખનું કેન્સરમાં ભારતમાં બીજા ક્રમે

વડોદરામાં HPV રસીકરણ અભિયાનનો પ્રારંભ : 15,033 કિશોરીઓને આવરી લેવાશે

વર્ષ 2022ના આંકડા મુજબ દેશમાં આશરે 79,103 નવા કેસ અને 34,805 મૃત્યુ નોંધાયા

કામગીરી માટે 142 એ.એન.એમ. અને 67 સ્ટાફ નર્સની નિમણૂક સાથે સુવ્યવસ્થિત આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.8

સ્થાયી સમિતિ અધ્યક્ષ ડૉ. શીતલભાઈ મિસ્ત્રીએ માહિતી આપતા જણાવ્યું હતું કે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અજમેર ખાતેથી તથા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સોલા ખાતેથી હ્યુમન પેપિલોમાવાયરસ (HPV) રસીકરણ રાષ્ટ્રીય અભિયાનનો પ્રારંભ કર્યો છે.

વર્ષ 2022ના આંકડા મુજબ ગર્ભાશયના મુખનું કેન્સર ભારતમાં મહિલાઓમાં થતા કેન્સરમાં બીજા ક્રમે છે. દેશમાં આશરે 79,103 નવા કેસ અને 34,805 મૃત્યુ નોંધાયા હતા.

ડૉ. મિસ્ત્રીએ વધુમાં જણાવ્યું કે આ અભિયાન અંતર્ગત વડોદરા શહેરમાં અંદાજે 15,033 કિશોરીઓને આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. પ્રારંભિક તબક્કામાં શહેરના 40 અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (U-PHC) ખાતે તા. 02-03-2026, સોમવારના રોજ રસીકરણ સત્રો યોજાશે. આ કામગીરી માટે 142 એ.એન.એમ. અને 67 સ્ટાફ નર્સની નિમણૂક સાથે સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે.

હાલમાં વડોદરા શહેરને કુલ 4,647 HPV રસીના ડોઝ પ્રાપ્ત થયા છે. 01-01-2011 થી 29-02-2012 વચ્ચે જન્મેલી લગભગ 14 વર્ષની કિશોરીઓને આ રસી આપવામાં આવશે. હેડ કાઉન્ટ સર્વે દ્વારા લાભાર્થીઓની ઓળખ કરવામાં આવશે.

રસીકરણ બાદ કિશોરીઓને 30 મિનિટ સુધી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવશે. Adverse Event Following Immunization (AEFI) કિટ તમામ સત્ર સ્થળે ઉપલબ્ધ રહેશે. વધુ માહિતી માટે નાગરિકો 24×7 હેલ્પલાઈન નંબર 104 પર સંપર્ક કરી શકશે. અભિયાનનો સમયગાળો 3 મહિના (90 દિવસ) રહેશે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સોમવારથી તમામ અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સવારે 10:00 વાગ્યાથી નિયમિત રસીકરણ કામગીરી શરૂ કરવામાં આવશે. શહેરની તમામ લક્ષિત કિશોરીઓ અને તેમના વાલીઓને આ અભિયાનમાં સક્રિય સહભાગી થવા અધ્યક્ષ ડૉ. શીતલભાઈ મિસ્ત્રીએ વિનંતી કરી છે.

ટેબલ ટેનિસને ગ્રાસરૂટ લેવલથી કોર્પોરેટ લેવલ સુધી પ્રોત્સાહન આપે

યુટીટી કોર્પોરેટ્સ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2025-26 TTAB- MSU સેન્ટર ખાતે શરૂ

50 પુરુષો અને 5 મહિલા ખેલાડીઓ સહિત લગભગ 55 પેડલર્સ ઉત્સાહપૂર્વક સ્પર્ધા

બધી ઇવેન્ટ્સની ફાઇનલ આજે સાંજે 4:00 વાગ્યાથી યોજાશે, ત્યારબાદ ઇનામ વિતરણ સમારોહ થશે

(પ્રતિનિધિ) વડોદરા તા.28

ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા (ટીટીએબી) એ આજે સવારે યુટીટી કોર્પોરેટ્સ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬ સાથે શરૂઆત કરી, જે બે દિવસ - ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ અને ૧ માર્ચ ૨૦૨૬ - બે દિવસ - ટીટીએબી-એમએસયુ ટેબલ ટેનિસ સેન્ટર, યુનિયન પેવેલિયન, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, ફતેગંજ, વડોદરા ખાતે યોજાશે.

ચેમ્પિયનશિપનું ટાઇટલ સ્પોન્સર અલ્ટીમેટ ટેબલ ટેનિસ (યુટીટી) છે, જે ભારતમાં એક અગ્રણી સંસ્થા છે જે ટેબલ ટેનિસને ગ્રાસરૂટ લેવલથી કોર્પોરેટ લેવલ સુધી પ્રોત્સાહન આપે છે, જેમાં રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનો સમાવેશ થાય છે. ચેમ્પિયનશિપ વેન્યુ પાર્ટનર મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, ફતેગંજ, વડોદરા છે.

ચેમ્પિયનશિપને કોર્પોરેટ ક્ષેત્ર તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. ચેમ્પિયનશિપમાં કુલ ૧૧ પુરુષ ટીમો ભાગ લઈ રહી છે. ૫૦ પુરુષો અને ૫ મહિલા ખેલાડીઓ સહિત લગભગ ૫૫ પેડલર્સ ઉત્સાહપૂર્વક સ્પર્ધા કરી રહ્યા છે. વિવિધ વય જૂથોના ખેલાડીઓ ટેબલ પર તેમની કુશળતા અને સ્પર્ધાત્મક ભાવનાનું પ્રદર્શન કરી રહ્યા છે.

બધા સહભાગીઓને તેમના નિર્ધારિત ટીમ ટી-શર્ટમાં સ્પર્ધા કરતા જોઈને, ઈવેન્ટમાં રંગ અને શિસ્ત ઉમેરતા જોઈને ખૂબ જ ઉત્સાહ થાય છે. ચેમ્પિયનશિપની શરૂઆત ટીમ ફોટો સેશનથી થઈ હતી અને ત્યારબાદ બધા સહભાગીઓ માટે સારો નાસ્તો આપવામાં આવ્યો હતો.

આ ચેમ્પિયનશિપનો મુખ્ય ઉદ્દેશ્ય વિવિધ કોર્પોરેટ સંસ્થાઓમાં રમતગમતના ગુણો પર ભરતી કરાયેલા વરિષ્ઠ ટેબલ ટેનિસ ખેલાડીઓ, કોર્પોરેટ કર્મચારીઓ અને ખેલાડીઓને એક સામાન્ય મંચ પર સ્પર્ધા કરવા માટે એક સ્પર્ધાત્મક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. આ ઈવેન્ટનો ઉદ્દેશ્ય સહભાગીઓમાં સંવાદિતા, પ્રામાણિકતા અને સૌહાર્દને પ્રોત્સાહન આપવાનો છે, સાથે સાથે તેમના નિયમિત વ્યાવસાયિક જીવનમાંથી તાજગીભર્યો વિરામ પણ આપશે.

બધી ઈવેન્ટ્સની ફાઈનલ 1 માર્ચ 2026ના રોજ સાંજે 4:00 વાગ્યાથી યોજાશે, ત્યારબાદ ઈનામ વિતરણ સમારોહ થશે.

પુરુષોની ટીમ ઈવેન્ટ:

ગ્રૂપ-A: ટી-સ્ક્વેર 2 મેચ જીતીને પ્રથમ સ્થાને છે અને ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ-B 1 મેચ જીતીને બીજા સ્થાને છે

1-ટી-સ્ક્વેર 2 મેચ જીતીને પ્રથમ સ્થાને છે-ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ-B 3-0; 1-ટી-સ્ક્વેર 3 મેચ જીતીને પ્રથમ સ્થાને છે-લિન્ડે એન્જિનિયરિંગ ઇન્ડિયા પ્રા. લિ.-B 3-0; 2-ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ-B 3-લિન્ડે એન્જિનિયરિંગ ઇન્ડિયા પ્રા. લિ.-B 3-0;

ગ્રૂપ-B: ઇન્ડિયન મેડિકલ એસોસિએશન 3 મેચ જીતીને પ્રથમ સ્થાને છે અને ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિ. 2 મેચ જીતીને બીજા સ્થાને છે

1-ઇન્ડિયન મેડિકલ એસોસિએશન 2 મેચ જીતીને બીજા સ્થાને છે-ઝાયલમ વોટર સોલ્યુશન 3-2; 1-ઇન્ડિયન મેડિકલ એસોસિએશન 3-ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિ. 3-0; 1-ઇન્ડિયન મેડિકલ એસોસિએશન 4-પારુલ યુનિવર્સિટી 3-0;

૩-ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ. ૨-ઝાયલમ વોટર સોલ્યુશન ૩-૨; ૩-ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ. ૪-પારુલ યુનિવર્સિટી ૩-૨;

ગ્રુપ-સી: ટીટીએબી સ્મેશર ૩ મેચ જીતીને પ્રથમ ક્રમે છે અને દીશા ડાયનેમિક ૨ મેચ જીતીને બીજા ક્રમે છે

૧-ટીટીએબી સ્મેશર ૨-ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ-એ ૩-૦; ૧-ટીટીએબી સ્મેશર ૩-દીશા ડાયનેમિક ૩-૨; ૧-ટીટીએબી સ્મેશર ૪-લિન્ડે એન્જિનિયરિંગ ઇન્ડિયા પ્રા. લિ.-એ ૩-૦; ૩-દીશા ડાયનેમિક ૨-ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ-એ ૩-૦; ૩-દીશા ડાયનેમિક ૪-લિન્ડે એન્જિનિયરિંગ ઇન્ડિયા પ્રા. લિ.-એ ૩-૦;

અંકલેશ્વરમાં TVS શોરૂમનો વળતો જવાબ

મિરર ન હોવાનું બહાનું, સ્ટોરમાંથી મળ્યો મિરર; ગ્રાહકે ફોરમમાં ફરિયાદ

(પ્રતિનિધિ) ભરૂચ,તા. 28

અંકલેશ્વરના TVS શોરૂમ દ્વારા સ્કૂટર સર્વિસિંગ દરમિયાન ગ્રાહક સાથે કથિત રીતે કરવામાં આવેલા ઉદ્ધત વર્તન અને છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. શોરૂમ સ્ટાફે મિરર (કાંચ) ન હોવાનું કહીને ગ્રાહકને ગેરમાર્ગે દોર્યો હતો, પરંતુ ગ્રાહકે શોરૂમના જ સ્ટોર રૂમમાં તે મિરર ઉપલબ્ધ હોવાનું શોધી કાઢ્યું હતું. આ ઘટનાથી નારાજ થયેલા ગ્રાહકે આખરે ભરૂચ ગ્રાહક સુરક્ષા ફોરમ અને TVS કંપનીની હેલ્પલાઈનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

કોસમડી વિસ્તારમાં રહેતા અશ્વિન જીજાબારાવ જગતાપે પોતાના TVS જ્યુપિટર (નંબર-GJ-16, EA-5656)ની ફૂલ સર્વિસ અને એન્જિન ઓઈલ બદલવા માટે શોરૂમમાં તા. 24મી ફેબ્રુઆરીએ એપોઈન્ટમેન્ટ લઈને સ્કૂટર આપ્યું હતું. આ દરમિયાન તેમણે ડાબી બાજુનો મિરર બદલવાનો આગ્રહ પણ કર્યો હતો. બીજા દિવસે સર્વિસ થઈ ગયાની જાણ થતાં તેઓ સ્કૂટર લેવા પહોંચ્યા તો જાણવા મળ્યું કે મિરર લગાવવામાં આવ્યો નથી. મેનેજરે મિરર ન હોવાનું જણાવતાં ગ્રાહકે સવાલ ઉઠાવ્યો કે જો મિરર નથી તો બિલમાં તેના પૈસા કેમ ઉમેર્યા? આ મુદ્દે મેનેજર અને સ્ટાફે ગ્રાહક સાથે ઉગ્ર અને ઉદ્ધત વર્તન કર્યાનો આરોપ કર્યો છે.

ગ્રાહક જગતાપે જ્યારે શોરૂમના સ્ટોર રૂમમાં જઈને પૂછપરછ કરી તો ત્યાં કાર્યરત મહિલા કર્મચારીએ તુરંત જ ડાબી સાઈડનો મિરર આપી દીધો અને કહ્યું કે તે લાંબા સમયથી સ્ટોકમાં છે. મેનેજર દ્વારા મિરર ન હોવાનું બહાનું કાઢવામાં આવ્યું હતું, પરંતુ સ્ટોરમાં મિરર ઉપલબ્ધ હોવાનું ખુલતાં ગ્રાહકે વચ્ચે વિવાદ થયો છે.ત્યારબાદ મેનેજરે સ્ટોર સંભાળતી મહિલા સાથે પણ ઉદ્ધતાઈ કરી હોવાનું જગતાપે જણાવ્યું છે.

પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટી ખાતે સંગીત સાધના યજ્ઞ શ્રેણી ગંધાર અંતર્ગત એક દિવસીય વર્કશોપ

આલાપચારીના સૂક્ષ્મ પાસાઓ વિષે વિસ્તૃત અને પ્રાયોગિક માર્ગદર્શન અપાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ખાતે ભારતીય શાસ્ત્રીય સંગીત ગાયન વિભાગ દ્વારા આયોજિત સંગીત સાધના યજ્ઞ શ્રેણી ગંધાર અંતર્ગત એક દિવસીય વર્કશોપ રાગ આલાપનું આયોજન કરવામાં આવ્યું હતું.

એમ.એસ.યુનિવર્સિટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટી ખાતે આયોજિત વર્કશોપમાં માર્ગદર્શન માટે ડિપાર્ટમેન્ટના પ્રાધ્યાપક ડો. મકરંદ સરપોતદાર તથા ડો.યશ દેવલે ઉપસ્થિત રહ્યા હતા. બંને એ રાગ આલાપના તત્ત્વચિંતન, સ્વરવિસ્તારની પદ્ધતિ, રાગભાવની અભિવ્યક્તિ, વિકાસની ક્રમબદ્ધતા તેમજ આલાપચારીના સૂક્ષ્મ પાસાઓ વિષે વિસ્તૃત અને પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓ સાથે સંવાદાત્મક રીતે ચર્ચા કરી તેમણે રાગની આલાપચારી અને સૌંદર્યને સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શિસ્તબદ્ધ અને એકાગ્ર વાતાવરણમાં સંગીત સાધનાનો અદ્ભુત માહોલ સર્જાયો હતો. વિભાગ પ્રમુખ રાજેશ કેળકરના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સુચારુ આયોજન જનક જાસકિયા સંયોજક અને રાકેશ દવે સહસંયોજક દ્વારા કરવામાં આવ્યું હતું. આ રીતે ભારતીય શાસ્ત્રીય સંગીતના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શકરૂપ સાબિત થયેલ રાગ આલાપ વિષયક વર્કશોપ પૂર્ણ થયો હતો.

ત્રણ પૈકી મુખ્ય સૂત્રધાર હજુ ફરાર : પોલીસ દ્વારા શોધખોળ

મુલેર ગામે કારમાં આવી હત્યાના પ્રયાસના ગુનામાં બે સુરતથી ઝડપાયા



(પ્રતિનિધિ) ભરૂચ,તા.28

વાગરાના મુલેર ગામમાં હત્યાનો પ્રયાસ કરનાર ત્રિપુટીમાંથી બે આરોપીને પોલીસે ઝડપી પાડ્યા છે. જોકે, આ કૃત્યના મુખ્ય સૂત્રધાર હજુ પોલીસ પકડથી દૂર છે.

ફરીયાદી મકસુદ ઉમરજી પટેલે આરોપી મુબ્બસીર ગઠને તેના પિતા હનીફ ગઠ દ્વારા ફોન પર આપવામાં આવતી ધમકી અંગે પૂછપરછ કરી હતી. આ વાતથી ઉશ્કેરાયેલા મુબ્બસીરે તાત્કાલિક તેના પિતાને જાણ કરી હતી. બનાવ બન્યો ત્યારે હનીફ ગઠ પોતાની કારમાં સુફીયાન ગઠને લઈને ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો. આરોપીઓએ તેમની કાર 100 કિમી પ્રતિ કલાકની ઝડપે મકસુદ પટેલને ટક્કર મારી હતી, જેના કારણે તેઓ 25 ફૂટ દૂર ફંગોળાઈ ગયા હતા. આરોપીઓએ કાર રિવર્સમાં લઈને તેમના ઉપર ચઢાવવાનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે, આસપાસના લોકો દોડી આવતા ઈજાગ્રસ્તને વધુ મારથી બચાવી શક્યા હતા, જ્યારે હુમલાખોરો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કર્યો હતો.

આ કેસમાં એક નોંધપાત્ર વળાંક ત્યારે આવ્યો જ્યારે એક આરોપીની આગોતરા જામીનઅરજી સામે ગામના 126 લોકોએ સહી કરીને પોલીસને અરજી આપી હતી. ગ્રામજનોના આ સખત વિરોધને પગલે આરોપીની જામીનઅરજી નામંજૂર થઈ હતી. પોલીસે તપાસ દરમિયાન વોન્ટેડ આરોપીઓની શોધખોળ તેજ કરી હતી, જેના પરિણામે આખરે મુબ્બસીર ગઠ અને સુફીયાન ગઠ નામના બે આરોપીને સુરત શહેરમાંથી ઝડપી પાડ્યા છે. આ કૃત્યનો સંડોવાયેલ મુખ્ય સૂત્રધાર હનીફ ગઠ હજુ પણ પોલીસની પકડથી દૂર છે. ગ્રામજનોએ પોલીસ પાસે હનીફ ગઠને ઝડપી પાડીને ઘટનાનું રિ-કન્ટ્રકશન કરાવવા માંગ કરી છે. વાગરા પોલીસે હવે મુખ્ય આરોપી હનીફ ગઠની શોધખોળ ચક્રો ગતિમાન કર્યા છે.

વડોદરાએ 4 રનથી વેટરન WZ ટી-20 ક્રિકેટ ટુર્નામેન્ટ જીતી

(પ્રતિનિધિ)વડોદરા,તા.28

વડોદરાના બોલર મુર્તઝા વોહરાએ 29 રનમાં 3 વિકેટ ઝડપી લેતા વડોદરાએ 4 રનથી વેટરન ડબલ્યુઝેડ ટી-20 ક્રિકેટ ટુર્નામેન્ટ જીતી હતી. સ્વર્ગસ્થ અંશુમન ગાયકવાડની યાદમાં ગુજરાત વેટરન ક્રિકેટ એસોસિએશન અને વડોદરા વેટરન ક્રિકેટ એસોસિએશન વચ્ચે ફાઈનલ રમાઈ હતી. જેમાં ગુજરાત વીસીએના કેપ્ટન વિશ્વજીત સોલંકીએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. વડોદરા વીસીએએ 19.5 ઓવરમાં 10 વિકેટે 183 રન બનાવ્યા હતા. મિતેન શાહે 3 મેચમાં 171 રન બનાવ્યા અને મેન ઓફ ધ સિરીઝ અને મેન ઓફ ધ મેચનો એવોર્ડ જીત્યો હતો. ગુજરાત વીસીએના નીરવ પટેલે 40 રન આપીને 4 વિકેટ લીધી અને તેને શ્રેષ્ઠ બોલરનો એવોર્ડ જાહેર કરવામાં આવ્યો હતો. અંતે બીસીએના પ્રમુખ પ્રણવ અમીન દ્વારા ચેમ્પિયન્સ ટ્રોફી આપવામાં આવી હતી. જ્યારે, યુસુફ પઠાણ દ્વારા રનર્સ અપ કપ આપવામાં આવ્યો હતો. ઉપસ્થિત અન્ય મહાનુભાવોમાં બોર્ડ ફોર વેટરન્સ ક્રિકેટ ઇન્ડિયાના સેક્રેટરી સુધીર કુલકર્ણી, બીવીસીઆઈના ટ્રેઝરર મયંક ખાંડવાલા, ગુજરાતના ચીફ પોસ્ટ માસ્ટર જનરલ ગણેશ સ્વેલેશ્વરકર, બીસીએના ટ્રેઝરર શીતલ મેથા , વીસીએ સેક્રેટરી દશરત પરદેશી અને સત્યજીતસિંહ ગાયકવાડ, બીસીએના સીઈઓ સ્નેહલ પરીખ સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

1.53 લાખ ઉપરાંતનો વિદેશી દારૂ તથા બિયરનો જથ્થો પકડાયો

બુટલેગરના મકાનમાં ધમધમતા દારૂના અડ્ડા પર સાગટાળા પોલીસનો ઓચિંતો છાપો

પોલીસની રેડ જોઈ બુટલેગર મોકો જોઈ ફરાર

(પ્રતિનિધિ) દાહોદ તા.28

સાગટાળા પોલીસે પોતાને મળેલ પ્રોહી અંગેની બાતમીને આધારે દેવગઢબારિયા તાલુકાના ટીમરવા ગામે ગમાર ફળિયામાં રહેતા બુટલેગરના રહેણાંક મકાનમાં જનતા વિદેશી દારૂના અડ્ડા પર ઓચિંતી પ્રોહી રેડ પાડી રૂપિયા ૧.૫૩ લાખ ઉપરાંતની કિંમતના ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બિયરનો જથ્થો પકડી પાડયો હતો જ્યારે પોલીસની રેડ જોઈ બુટલેગર મોકો જોઈ ફરાર થઈ ગયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દિવાળીના તહેવારોને ધ્યાને લઈ પોતાના ઉપરી અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ સાગટાળા પોલીસે પણ પેટ્રોલિંગ વધારી દીધું છે તેવા સમયે સાગટાળા પોલીસ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર સીઆર દેસાઈ તેમના સ્ટાફના પોલીસ કર્મીઓને સાથે લઈ સરકારી વાહનમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન ‘દેવગઢબારિયા તાલુકાના ટીમરવા ગામે ગમાર ફળિયામાં રહેતા બુટલેગર અલ્કેશભાઈ બાબુભાઈ ગમારે મોટા પ્રમાણમાં તેના રહેણાંક મકાનમાં વિદેશી દારૂની પેટીઓ ઉતારેલ છે અને તે સગે વગે કરવાની તૈયારીમાં પણ છે. ‘ તેવી ગુપ્ત બાતમી પોતાના ખાનગી બાતમીદાર દ્વારા મળી હતી. એ બાતમીને આધારે પોલીસ ઈન્સ્પેક્ટર સી આર દેસાઈ પોતાના સ્ટાફના પોલીસ કર્મીઓને સાથે લઈ તાત્કાલિક બાતમીમાં દર્શાવેલ ટીમરવા ગામે ગમાર ફળિયામાં રહેતા બુટલેગર અલ્કેશભાઈ બાબુભાઈ ગમારના લેનાક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી હતી. અને મકાનમાંથી રૂપિયા ૧,૨૬,૬૦૦/-ની કુલ કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂ ગોવા સ્પિરિટ ઓફ સ્મુથનેસ વિસ્કીની ૧૮૦મિ.લી. ૧.લી. ની કુલ બોટલ નંગ-૬૦૦ તથા રૂપિયા ૨૬,૨-ની કુલ કિંમતના માઉન્ટસ્ ૬૦૦૦ સુપર ડ્રોંગ બિયરના ૫૦૦ મિ.લી ના ટીન નંગ-૧૪૪ મળી કુલ રૂપિયા ૧,૫૩,૮૧૬/-ની કુલ બોટલ નંગ-૭૪૪ પકડી પાડી કબ્જે લીધી હતી. પોલીસની રેડ જોઈ અલ્કેશભાઈ બાબુભાઈ ગમાર પોતાનું ઘર છોડી નાસી ગયો હતો.

આ સંબંધે સાગટાળા પોલીસે ટીમરવા ગામના બુટલેગર અલ્કેશભાઈ બાબુભાઈ ગમાર વિરુદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

શિનોર તાલુકાના નર્મદા નદી પટ વિસ્તારમાં નાહવા પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) શિનોર તા.28

શિનોર તાલુકાના નર્મદાનદી પટ વિસ્તારમાં નાહવાપર હોળી-ધુળેટી પર્વને ધ્યાનમાં રાખીને વડોદરા જિલ્લા કલેકટર દ્વારા મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

વડોદરા જિલ્લા કલેકટરના જાહેરનામા મુજબ શિનોર તાલુકો હેઠળના દિવેર, માલસર, માંડવા અને બરકાલ સહિત નર્મદા નદી કાંઠાના વિસ્તારોમાં નાહવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ નિર્ણય ખાસ કરીને હોળી-ધૂળેટી દરમ્યાન મોટી સંખ્યામાં લોકો નદી કિનારે એકત્ર થતા હોવાથી સુરક્ષા અને જાનહાનિ અટકાવવા માટે લેવામાં આવ્યો છે. નદીમાં પાણીનો પ્રવાહ, ઊંડાણ ના કારણે લોકો ડૂબી જવાની સંભાવના હોવાના કારણે વડોદરા જિલ્લા કલેકટર શ્રી દ્વારા આ પ્રતિબંધ અમલમાં મુકાયો છે.

શિનોર પોલીસ પ્રશાસન દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ જાહેરનામાનું પાલન કરી પોતાનો અને અન્યનો જીવ સુરક્ષિત રાખે. જો કોઈપણ વ્યક્તિ જાહેર નામાનો ભંગ કરે તો એની સામે કડક પગલા લઈ શિક્ષાત્મક કાર્ય કરવામાં આવશે.

દેવગઢબારિયા નગરપાલિકા ખાતે સ્વદેશી મેળો યોજાયો: “હર ઘર સ્વદેશી”નો સંદેશ ગુંજ્યો

(પ્રતિનિધિ) દાહોદ તા.28

દેવગઢ બારિયા મુકામે નગરપાલિકા ખાતે “હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી”ના સૂત્ર સાથે સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમથી કરવામાં આવી હતી, જેમાં સ્વદેશી ભાવનાને પ્રેરણા આપતા સંદેશો રજૂ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજમાતા ઉર્વશિદેવી તથા ધારાસભ્ય બચુભાઈ તથા પૂર્વ ધારાસભ્ય તુષારસિંહ બાબા સાથે મહા અનુભવો ના અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો હતો. તારીખ ૨૭-૦૨-૨૦૨૬ના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખશ્રી ધર્મેશભાઈ કલાલ અને કારોબારી ચેરમેનશ્રી નિધિબેન જૈનના માર્ગદર્શન હેઠળ મેળો સફળતાપૂર્વક યોજાયો હતો.

મેળા દરમ્યાન સ્થાનિક સ્વદેશી ઉત્પાદનોના પ્રદર્શન સાથે નાગરિકોને સ્વદેશી વસ્તુઓના ઉપયોગ માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. સ્થાનિક વેપારીઓને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં દાહોદ ભાજપ પ્રમુખશ્રી સ્નેહલ ધરીયાની વિશેષ ઉપસ્થિતિ નોંધાઈ હતી તેમજ તાલુકા ભાજપના હોદેદારો અને વેપારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

મેળામાં દેવગઢબારિયા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી ગ્રામજનો મોટી સંખ